Extra No. 267

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૮ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૮-(૨)-આરઈએસ-૧૦૮૫-૩૪૩૩-ગ-૨.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Ex-Servicemen (Recruitment to State Civil Services and Posts) Rules, 2018.

ગુજરાત એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) (રાજ્ય મુલકી સેવાઓ અને જગાઓ પર ભરતી) નિયમો, ૨૦૧૮ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૮

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસ/૨૦૧૮-(૨)-આરઈએસ-૧૦૮૫-૩૪૩૩-ગ-૨:- ગૃહ બાબતોના મંત્રાલયના તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૭૪ના હુકમ ક્રમાંક. જીએસઆર-૩૫-ઈ હેઠળ બહાર પાડેલા ભારતના રાષ્ટ્રપતિના હુકમ સાથે વાંચતાં, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્ય મુલકી સેવા અને જગાઓ પર એક્સ- સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો)ની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને અમલનો સમયગાળો.- ગુજરાત એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક) (રાજ્ય મુલકી સેવાઓ અને જગાઓ પર ભરતી) નિયમો, ૨૦૧૮ કહેવાશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો:-

(ક) "સંઘના સશસ્ત્ર દળો" એટલે સંઘના નૌકાદળ, ભૂમિદળ અથવા હવાઈદળ;

(ખ) "દિવ્યાંગ એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક)" એટલે જે સૈનિક સંઘના સશસ્ત્ર દળોમાં સેવા આપતી વખતે દુશ્મન સામે અથવા અશાંત વિસ્તારોમાંની કામગીરીઓમાં અશક્ત થયો હોય તેવો એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક);

(ગ) "એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક)" એટલે એવી વ્યક્તિ,-

(૧) જેણે ભારતીય સંઘના નિયમિત ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળમાં લડાકુ અથવા બિન-લડાકુ તરીકે કોઈપણ સંવર્ગ (રેન્ક)માં સેવા આપી હોય, અને

(ક) જે પોતાની સ્વ-વિનંતીથી તેવી સેવામાંથી નિવૃત્ત થયા હોય અથવા છૂટા (રિલીવ) થયા હોય અથવા મુક્ત (ડિસ્ચાર્જ) થયા હોય અથવા તેનું કે તેણીનું પેન્શન મેળવ્યા પછી માલિક (કામે રાખનાર) દ્વારા છૂટા કરવામાં આવ્યા હોયઃ અથવા

(ખ) જેને લશ્કરી સેવા દરમિયાન અથવા તેના નિયંત્રણ બહારના સંજોગોને કારણે તબીબી કારણોસર તેવી સેવામાંથી છૂટા કરવામાં આવ્યા હોય અને તબીબી અથવા અન્ય અશક્તતા પેન્શન આપવામાં આવ્યું હોય; અથવા

(ગ) જેને મહેકમમાં ઘટાડો કરવાને પરિણામે આવી સેવામાંથી મૂક્ત કરવામાં આવ્યા હોય;

અથવા

(૨) જેને પોતાની સ્વ-વિનંતી સિવાય, સેવાની નિર્દિષ્ટ મુદત પૂરી કર્યા પછી આવી સેવામાંથી મૂક્ત કરવામાં આવ્યા હોય અથવા ગેરવર્તણૂક અથવા બિનકાર્યક્ષમતાના કારણે બરતરફી દ્વારા અથવા ડિસ્ચાર્જ કરીને મૂક્ત કરવામાં આવ્યા હોય અને જેને ગ્રેચ્યુઈટી આપવામાં આવી હોય; અને તેમાં, ક્ષેત્રીય સૈન્ય (ટેરિટોરિયલ આર્મી)ના કર્મચારીઓ એટલે કે સળંગ એમ્બોડીડ સર્વિસ અથવા લાયકી સેવાના તૂટક કાર્યકાળ માટેના પેન્શનધારકોનો સમાવેશ થાય છે;

અથવા

(૩) જેઓ નિયમિત સૈન્યદળનો ભાગ હોય અને પેન્શન સાથે તેમની મૂળ સેવામાં પાછા ફર્યા સિવાય આર્મી પોસ્ટલ સર્વિસમાંથી નિવૃત્ત થયા હોય, અથવા લશ્કરી સેવા દરમિયાન અથવા તેમના નિયંત્રણની બહારના સંજોગોને કારણે તબીબી કારણોસર આર્મી પોસ્ટલ સર્વિસમાંથી છૂટા કરવામાં આવ્યા હોય અને તબીબી અથવા અન્ય અશક્તતા પેન્શન આપવામાં આવ્યું હોય તેવા આર્મી પોસ્ટલ સર્વિસના કર્મચારીઓ;

અથવા

(૪) જેઓ તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૮૭ પહેલાં છ મહિનાથી વધુ સમય સુધી આર્મી પોસ્ટલ સર્વિસમાં પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) પર રહ્યાં હોય તેવા કર્મચારીઓ;

અથવા

(૫) ક્ષેત્રીય સૈન્ય (ટેરિટોરિયલ આર્મી)ના કર્મચારીઓ સહિત સશસ્ત્ર દળોના વીરતા પુરસ્કાર વિજેતાઓ;

અથવા

(૬) તબીબી કારણસર બોર્ડેડ આઉટ એક્સ-રિક્રુટ અથવા છૂટા કરવામાં આવ્યા હોય અને તબીબી અપંગતા (અશક્તતા) પેન્શન આપવામાં આવ્યું હોય.

(ઘ) "અનામત રાખેલી ખાલી જગા" એટલે એક્સ સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો)થી ભરવા માટે નિયમ ૪ હેઠળ અનામત રાખેલી ખાલી જગાઓ.

૩. લાગુ પડવા બાબત:- આ નિયમો, તમામ ગુજરાત રાજ્ય મુલકી સેવાઓ અને જગાઓને લાગુ પડશે.

૪. ખાલી જગાઓ અનામત રાખવા બાબત:-

(૧) કોઈ વર્ષમાં સીધી ભરતીથી ભરવાની હોય તેવી, શરૂઆતમાં હંગામી ધોરણે ભરવામાં આવેલી કાયમી ખાલી જગાઓ અને કાયમી થવાની સંભાવના ધરાવતી હંગામી ખાલી જગાઓ અને/અથવા ત્રણ મહિના કે તેથી વધુ સમય માટે ચાલુ રહે તેવી ખાલી જગાઓ સહિતની, વર્ગ ૧ અને વર્ગ ૨ ની ખાલી જગાઓમાંથી એક ટકા, વર્ગ ૩ની ખાલી જગાઓમાંથી દસ ટકા અને વર્ગ ૪ની ખાલી જગાઓમાંથી વીસ ટકા જેટલી જગાઓ, એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટે અનામત રાખવામાં આવશે:

પરંતુ એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો), અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે આગળ ખેંચવામાં આવેલ અનામત સહિત)ની અનામત જગાઓની સંખ્યા અને યથાપ્રસંગ, બીજા વર્ગો માટેની જગાઓ સહિતની કુલ ખાલી સંખ્યા, તે વર્ષમાં ભરાયેલી તે વર્ગની જગાઓમાં ખાલી જગાઓના પચાસ ટકાથી ઓછી હોય અથવા તેથી વધુ હોય તેટલે સુધી, કોઈ એક ભરતી વર્ષમાં કોઈ વર્ગની જગાઓમાં એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટે એવી રીતે નિર્દિષ્ટ અનામતની ટકાવારીમાં,વધારો અથવા ઘટાડો કરવામાં આવશે:

વધુમાં, આગળના પરંતુક હેઠળ એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટેની અનામતમાં વધારો થાય તેવા કિસ્સામાં તેમના માટે આવી રીતે ઉપલબ્ધ કરાયેલી વધારાની ખાલી જગાનો ઉપયોગ પહેલા દિવ્યાંગ એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો)ની નિમણૂક માટે કરવામાં આવશે અને આવી કોઈ ખાલી જગાઓ ભર્યા પછી પણ જગા ખાલી રહે તો, તે અન્ય એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો)ને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૨) એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટેની અનામત રાખેલી ખાલી જગાઓ સામે પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગના ઉમેદવારોને અનુક્રમે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગો માટેની અનામતની ખાલી જગાઓ સામે સમાયોજિત કરવામાં આવશે:

પરંતુ જો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા અન્ય પછાત વર્ગના એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો)ની પસંદગી એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટેની અનામત જગા સામે કરવામાં આવે અને યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા અન્ય પછાત વર્ગો માટેની અનામત જગા, આવા ભૂતપૂર્વ સૈનિકોને સમાયોજિત કરવા માટે ઉપલબ્ધ ન હોય, તો ભવિષ્યમાં તેમને અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા યથાપ્રસંગ, અન્ય પછાત વર્ગો માટે અનામત રાખવામાં આવેલી ત્યારપછીથી ભવિષ્યમાં ઉપલબ્ધ ખાલી જગા સામે સમાયોજિત કરવામાં આવશે.

(૩) મુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામો સિવાયની ભરવાની જગામાં એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિકો) માટે અનામત રાખેલી કોઈ ખાલી જગા, રોજગાર વિનિમય કચેરી પાસેથી (રોજગાર વિનિમય કરીને માંગણા પત્ર મોકલેલ હોય ત્યારે) અથવા નિયામક, સૈનિક કલ્યાણ, ગુજરાત પાસેથી 'બિન-ઉપલભ્યતા પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય, ત્યાં સુધી નિમણૂક સત્તાધિકારી દ્વારા કોઈપણ સામાન્ય ઉમેદવારથી ભરવામાં આવશે નહીં.

૫. વય મર્યાદા માટેની ખાસ જોગવાઈ:-

(ક) ગુજરાત સરકારમાં વર્ગ ૩ અને વર્ગ ૪ની કોઈપણ ખાલી જગા પર નિમણૂક માટે, એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક)ને તેની વાસ્તવિક (ખરી) ઉમરમાંથી વાસ્તવિક લશ્કરી સેવાનો સમયગાળો બાદ કરવાની મંજૂરી આપવામાં આવશે અને પરિણામી ઉમર, તે જે જગા માટે નિમણૂક મેળવવા માંગતો હોય તે માટે નક્કી કરેલ વધુમાં વધુ વય મર્યાદાથી ત્રણ વર્ષથી વધુ ન હોય, તો તે વય મર્યાદાને લગતી શરત પૂર્ણ કરે છે તેવું માનવામાં આવશે.

(ખ) વર્ગ ૧ અને વર્ગ ૨ ની સેવાઓમાંની કોઈ ખાલી જગા અથવા સીધી ભરતી દ્વારા ભરાયેલી જગાઓ પર નિમણૂક માટે, ઈમરજન્સી કમિશન્ડ ઓફિસર્સ (આપાતકાલ આયુક્ત અધિકારીઓ) અથવા શોર્ટ સર્વિસ કમિશન્ડ ઓફિસર્સ (ટૂંકી સેવાના આયુક્ત અધિકારીઓ) સહિત, એક્સ-સર્વિસમેન (ભૂતપૂર્વ સૈનિક) અને આયુક્ત (કમિશન્ડ) અધિકારીઓ, જેમણે ઓછામાં ઓછા પાંચ વર્ષ લશ્કરી સેવાઓ આપી હોય અને:-

(૧) ગેરવર્તણૂક અથવા બિનકાર્યક્ષમતાના કારણે બરતરફી (ડિસમીસલ) અથવા છૂટા (ડિસ્ચાર્જ) કર્યા હોય તે સિવાય (જેમની કામગીરી (એસાઈનમેન્ટ) એક વર્ષમાં પૂરું થવાનું હોય તેમના સહિત) કામગીરી પૂરી થવા પર છૂટા કરવામાં આવ્યા હોય; અથવા

(૨) લશ્કરી સેવા દરમિયાન શારીરિક અપંગતાને કારણે અથવા અમાન્ય ઠરવાને લીધે છૂટા કરવામાં આવ્યા હોય, તેમના કિસ્સામાં લશ્કરી સેવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરીને ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

૬. શૈક્ષણિક લાયકાતો અંગે ખાસ જોગવાઈ:-

(૧) પટાવાળા, દફતરી, જમાદાર અને રેકોર્ડ સોર્ટરની વર્ગ ૪ની કોઈપણ અનામત જગાઓ પર નિમણૂક માટે, જેમણે સંઘના સશસ્ત્ર દળોમાં ઓછામાં ઓછી ત્રણ વર્ષ સેવા આપી હોય તેવા દરેક ભૂતપૂર્વ સૈનિકને ઠરાવેલી શૈક્ષણિક લાયકાતમાંથી મુક્તિ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ:- આ પેટા-નિયમના હેતુ માટે, ગણતરીમાં, કોઈ વ્યક્તિએ ભારત સરકારના સિવિલ (નાગરિક) વિભાગમાં સેવા આપેલી હોય તે સમયગાળાનો તેણે સંઘના સશસ્ત્ર દળોમાં આપેલી સેવાના સમયગાળામાં સમાવેશ કરવામાં આવશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ હોય તે સિવાયની વર્ગ ૪ની કોઈપણ અનામત જગા પર નિમણૂક માટે, નિમણૂક અધિકારી પોતાની વિવેકબુદ્ધિથી, આવી જગાઓ પર નિમણૂક માટે ભૂતપૂર્વ સૈનિકની તરફેણમાં, જો તેઓ અન્યથા આવી જગાઓ પર નિમણૂક માટે લાયક હોય તો કોઈ ઠરાવેલી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, હોય તો, તેમાં છૂટછાટ આપી શકશે.

(૩) વર્ગ ૩ની કોઈપણ અનામત ખાલી જગાઓ પર નિમણૂક માટે, મેટ્રિક્યુલેટ ભૂતપૂર્વ સૈનિક (જે શબ્દપ્રયોગમાં એવા ભૂતપૂર્વ સૈનિકનો સમાવેશ થાય છે, જેમણે ભારતીય સેનાનું વિશેષ શિક્ષણ પ્રમાણપત્ર અથવા નૌકાદળ અથવા હવાઈદળમાં તત્સમાન પ્રમાણપત્ર મેળવ્યું હોય), જેમણે સંઘના સશસ્ત્ર દળોમાં ઓછામાં ઓછી પંદર વર્ષ સેવા આપી હોય, તેમને જેના માટે ઠરાવેલી જરૂરી શૈક્ષણિક લાયકાત સ્નાતક હોય એવી જગાઓ અને જ્યાં -

(ક) ટેકનિકલ અથવા વ્યાવસાયિક પ્રકારનો કાર્ય અનુભવ આવશ્યક નથી; અથવા

(ખ) નોન-ટેકનિકલ વ્યાવસાયિક કાર્ય અનુભવ આવશ્યક ઠરાવ્યો હોવા છતાં નિમણૂક કરનાર સત્તાધિકારીને ખાતરી થાય કે ભૂતપૂર્વ સૈનિક ટૂંકા ગાળા માટે નોકરીની તાલીમ લઈને જગાની ફરજો બજાવે તે અપેક્ષિત છે,

તેવી જગાઓ પર નિમણૂક માટે લાયક ગણી શકાશે.

(૪) વર્ગ ૩ અને વર્ગ ૪ની કોઈ અનામત ખાલી જગાઓ પર નિમણૂક માટે, ઠરાવેલી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત મેટ્રિક હોય ત્યારે, નિમણૂક સત્તાધિકારી, પોતાની વિવેકબુદ્ધિથી, જેમણે ભારતીય સેનાની વર્ગ ૧ની પરીક્ષા અથવા નૌકાદળ અથવા હવાઈદળમાં તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોય અને જેમણે સંઘના સશસ્ત્ર દળોમાં ઓછામાં ઓછા પંદર વર્ષ સેવા આપી હોય અને તેના અનુભવ અને અન્ય લાયકાતોને ધ્યાનમાં રાખીને આ જગા ધરાવવા માટે અન્યથા યોગ્ય ગણવામાં આવેલ હોય તેવા ભૂતપૂર્વ સૈનિકની તરફેણમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાતમાં છૂટછાટ આપી શકશે.

૭. પસંદગી માટે નીચું ધોરણ:- સીધી ભરતીના કિસ્સામાં, જો ભૂતપૂર્વ સૈનિક ઉમેદવારો પૂરતી સંખ્યામાં તેમના માટે નિયત કરેલ સામાન્ય ધોરણના આધારે અનામત રાખેલી તમામ ખાલી જગાઓ ભરવા માટે ઉપલબ્ધ ન હોય, તો ભૂતપૂર્વ સૈનિક વર્ગના ઉમેદવારોને, અનામત હિસ્સા(ક્વોટા)માંની ખૂટતી જગાઓ ભરવા માટે પસંદગીના હળવા (છૂટછાટ સાથેના) ધોરણ હેઠળ, આવી છૂટછાટથી આવા ઉમેદવારોની કામગીરીના સ્તરને અસર નહિ થાય તે શરતને અધીન રહીને પસંદ કરી શકાશે,

૮. ભરતી નિયમોમાં સુધારો:- ગુજરાત સરકાર હેઠળની વર્ગ ૧ થી વર્ગ ૪ની જગાઓ અને સેવાઓમાં વ્યક્તિઓની ભરતીનું નિયમન કરતા તમામ નિયમો, આ નિયમોની જોગવાઈઓને અધીન રહેશે અને તેનું તદનુસાર અર્થઘટન કરવામાં આવશે.

૯. અર્થઘટન:- જો આ નિયમોના અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉદ્ભવે, તો તે પ્રશ્ન નિર્ણય માટે, સરકારના સામાન્ય વહીવટ વિભાગમાં મોકલવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જવલંત ત્રિવેદી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 12:37:43 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar